મુંબઈ અને અમદાવાદથી પ્રસિદ્ધ થતું

સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ Volume 61 ■ પુસ્તક: ૧૯૭ ■ અંક: ૧૧૬ ■ અધિક જયેષ્ઠ સુદ-૨
■ વિક્રમ સંવત ૨૦૭૪ ■ મુંબઈ ■ (૧૨ + ૮ પાનાં લાડકી) કિંમત ₹ ૭.૦૦ ★★

# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957

ગુરુવાર, ૧૭ મે, ૨૦૧૮

MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com
■ 17 May 2018, Thursday ■ REGD.No. MCS/058/2018-20

મુંબઈ સમાચાર
બે વાર્તાલેખન શિબિર બાદ
વાર્તા લેખન સ્પર્ધા
હવે વાંચો સ્પર્ધકોની કૃતિ સોમવારથી રોજેરોજ એક વાર્તા
'મુંબઈ સમાચાર'ની વાર્તા લેખન સ્પર્ધાને ઉમળકાભર્યા પ્રતિસાદ બદલ સૌપ્રથમ વાચકોનો હૃદયપૂર્વક આભાર.
આ માટે આવેલી ૩૫૬ વાર્તામાંથી ચકાસણીના એરણ પર સ્પર્ધા લાયક ઠરેલી અંદાજે ૧૭૦ જેટલી વાર્તા 'મુંબઈ સમાચાર'માં રોજેરોજ પ્રગટ થશે.
સોમવાર, તા. ૨૧-૫-૨૦૧૮થી
આ પ્રગટ થનારી વાર્તાઓમાંથી નિર્ણાયકો દ્વારા વિજેતા લેખક - કૃતિની પસંદગી થશે.



# કર્ણાટકમાં સરકાર ભાજપની: કૉંગ્રેસ સુપ્રીમમાં

▸ આજે સવારે નવ વાગ્યે ચેદીયુરપ્પા લેશે શપથ ▸ રાજ્યપાલે ભાજપને આપ્યું આમંત્રણ ▸ ૧૫ દિવસમાં બહુમતી સાબિત કરવી પડશે ▸ કૉંગી-જેડી(એસ)ના વિધાનસભ્યોની વાળા સામે પરેડ ▸ કૉંગ્રેસના બે વિધાનસભ્ય ગાયબ ▸ કૉંગી-જેડી(એસ)ના વિધાનસભ્યોને રિસૉર્ટભેગા કરાયા

*બેંગલૂરુ:* કર્ણાટકમાં રાજ્યપાલ વજુભાઇ વાળાએ વિધાનસભાની ચૂંટણીમાં સૌથી વધુ બેઠક મેળવનારા ભારતીય જનતા પક્ષ (ભાજપ)ને સરકાર રચવા માટે બુધવારે આમંત્રણ આપ્યું હતું. બી. એસ. યેદીયુરપ્પાના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર ગુરુવારે સવારે શપથ લેશે. નવી સરકારને ૧૫ દિવસમાં વિધાનસભામાં બહુમત સાબિત કરવાનો આદેશ અપાયો હતો. જોકે, રાજ્યપાલના આ નિર્ણય સામે કૉંગ્રેસે સર્વોચ્ચ અદાલતના દરવાજા ખટખટાવ્યા છે.

કર્ણાટકમાં ભાજપ સરકારની ગુરુવારે સવારે નવ વાગ્યે યોજાનારી શપથવિધિમાં પક્ષના પ્રમુખ અમિત શાહ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી હાજર રહે એવી શક્યતા ઓછી છે. કૉંગ્રેસે જણાવ્યું હતું કે જો ભાજપને રાજ્યમાં સરકાર રચવા આમંત્રણ અપાયું હોય તો તે ચોંકાવનારી ઘટના ગણાય. કર્ણાટક ભાજપ દ્વારા કરાયેલી સરકાર

(જુઓ પાનું ૬) ▸▸

## કૉંગ્રેસ-જેડી(એસ) યુતિ ચૂંટણી પછીની એટલે જ ભાજપને ચાન્સ

*બેંગલૂરુ:* કર્ણાટકમાં સૌથી મોટા પક્ષ તરીકે ભાજપને સરકાર રચવાનું આમંત્રણ રાજ્યપાલ વજુભાઇ વાળાએ આપ્યું છે. ભાજપના ૧૦૪ વિધાનસભ્ય છે. કૉંગ્રેસ અને જેડી(એસ) વચ્ચેની યુતિ ચૂંટણી પહેલાંની નહીં પણ ચૂંટણી પછીની છે તથા જનાદેશ આ યુતિ માટે નથી. સુપ્રીમ કોર્ટના બોમ્માઇ કેસના ચુકાદાને આધારે રાજ્યપાલે ભાજપને સૌથી મોટા પક્ષ તરીકે સરકાર રચવાનું આમંત્રણ આપ્યું હતું.વાળાના ભાજપને આમંત્રણ આપવાના મુદ્દે ભુરાટી થયેલી કૉંગ્રેસના પ્રવક્તા રણદીપ સૂરજેવાલે એવો પ્રશ્ન કર્યો હતો કે, જો સૌથી મોટા પક્ષને જ આમંત્રણ આપવાની ભૂમિકાને કર્ણાટકમાં અનુસરવામાં આવે હોય તો પછી ગોવા, મેઘાલય, મિઝોરમ અને કાશ્મીરમાં કઈ રીતે ભાજપની સરકાર બને? ત્યાં કેમ આ કાનૂની ભૂમિકાને આધારે સૌથી મોટા પક્ષ કૉંગ્રેસને આમંત્રણ ન અપાયું. ■

## ભાજપનો ગેમપ્લાન શું છે?

*બેંગલુરુ:* વિધાનસભામાં વિશ્વાસનો મત લેવાય ત્યારે કૉંગ્રેસ અને જેડી (એસ)ના ઓછામાં ઓછા ૧૫ વિધાનસભ્ય ગેરહાજર રહે એવી યોજના ઘડવામાં આવી છે. તેના કારણે પક્ષપલટાનો નિયમ પણ નહીં લાગુ પડે અને વિધાનસભામાં મતદાન કરનાર વિધાનસભ્યોની સંખ્યા ૨૨૨થી ઘટીને ૨૦૭ થઈ જાય. તેના પછી ભાજપ ૧૦૪ વિધાનસભ્યો દર્શાવીને આસાનીથી બહુમત સાબિત કરી લશે. કેમ કે બહુમતી પુરવાર કરવા ૧૧૨ નહીં પણ માત્ર ૧૦૪ વિધાનસભ્યોની જ જરૂર રહેશે. ■

## વિધાનસભ્યો ખરીદવા ભાજપે ₹૧૦૦ કરોડની ઑફર કરી: કુમારસ્વામીનો આક્ષેપ

*બૅંગલૂરુ:* જનતા દળ (સેક્યુલર)ના નેતા એચ.ડી. કુમારસ્વામીએ પોતાના પક્ષના કૉંગ્રેસ સાથેના આશ્ચર્યજનક જોડાણનો બચાવ કર્યો અને મંગળવારે ત્રિસંકુ વિધાનસભાના પરિણામ પછી કર્ણાટકના વિધાનસભ્યોને ભાજપ દ્વારા લાંચ રુશવત આપીને તેમને વશ કરવાની કોશિશ કરવામાં આવી હોવાનો આક્ષેપ કર્યો હતો.

તેમણે બુધવારે એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે 'કર્ણાટકના લોકોએ સમજવું જોઈએ કે 'હોર્સ-ટ્રેડિંગ' માટે જાણીતો ભાજપ તેમની તરફેણમાં નથી. કેટલાકે (ભાજપ) પક્ષના નેતાઓનો સંપર્ક સાધ્યો હતો અને તેમને રૂ.૧૦૦ કરોડ આપવાની ઑફર કરી હતી. મેઘાલયમાં ભાજપને પૂરતી સંખ્યા નહીં મેળવનાર ભાજપે કયા હકથી સરકારની રચના કરી? જનતા દળ

(જુઓ પાનું ૬) ▸▸

મહાબળેશ્વર
ફાઉન્ટન veg હોટલ
Tel: M'war - 02168 260227 / 131
Opp. Koyna Valley, M'war - 412806
ફાઉન્ટન વિલેજ
Tel: M'war - 02168 260135 / 136
Opp. Bharat Petrol Pump, M'war - 412806
• All Rooms are A.C.• Lawn & Swimming Pool
W.: www.fountainhotel.co.in
E.: reservation@fountainhotel.co.in
W.: www.fountainvillage.in
E.: fountainvillagemwar@yahoo.com
Mumbai (H. O.) 2367 7182 2367 7282
veg. restaurant Soam બાબુલનાથ મંદિર સામે, ચૌપાટી. ટેલી.: 2369 8080

# કાશ્મીરમાં રમજાનમાં શરતી એકપક્ષી શસ્ત્રવિરામ જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

*નવી દિલ્હી:* રમજાનના મહિનામાં જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા અભિયાન રોકવાનો નિર્ણય કેન્દ્ર સરકારે લીધો હતો. જોકે સરકાર દ્વારા જાહેર કરાયેલો એકપક્ષી શસ્ત્રવિરામ શરતી છે અને કટોકટીની સ્થિતિમાં સૈન્ય આતંકવાદીઓ સામે ઑપરેશન કરી શકે છે.

ગૃહ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે શાંતિપ્રિય મુસ્લિમો રમજાન દરમિયાન શાંતિથી રમજાન મનાવી શકે એ માટે આ નિર્ણય લેવાયો છે. જોકે, જો હુમલો થાય કે નિર્દોષ વ્યક્તિઓનો જીવ બચાવવાનો હોય તો સુરક્ષા દળો યોગ્ય પગલાં લઇ શકશે.

કેન્દ્રીય ગૃહ પ્રધાન રાજનાથ સિંહે કેન્દ્ર સરકારના નિર્ણય વિશે જમ્મુ અને કાશ્મીરના મુખ્ય પ્રધાન મહેબૂબા મુફ્તિને જાણ કરી હતી.

પ્રવક્તાએ જણાવ્યું હતું કે હિંસા અને

(જુઓ પાનું ૬) ▸▸







# સંરક્ષણના સંદેશાવ્યવહાર નેટવર્કનું બજેટ ડબલ

▸ ₹૨૪,૦૦૦ કરોડ ફાળવાયા ▸ સડેલા અનાજ, બટાટામાંથી ઈથેનૉલ બનાવી પેટ્રૉલમાં ભેળવાશે ▸ સેન્ટ્રલ કાઉન્સિલ ઑફ હોમિયોપથીની નવરચનાને મંજૂર

*નવી દિલ્હી:* સરકારે બુધવારે સંરક્ષણ સેવાના વૈકલ્પિક સંદેશાવ્યવહાર નેટવર્ક માટેની રકમની ફાળવણીમાં બમણાથી વધુનો વધારો કરીને રૂપિયા ૨૪,૬૬૪ કરોડ કરી હતી.

સત્તાવાર નિવેદનમાં જણાવાયું હતું કે નેટવર્ક ફૉર સ્પેક્ટ્રમ (એનએફએસ) પ્રૉજેક્ટ માટેની રકમમાં રૂપિયા ૧૧,૩૩૦ કરોડનો વધારો કરાયો છે.સરકારે કૃષિ ઉત્પાદન અને ખેડૂતોની આવક વધારવાના હેતુસર નાની સિંચાઇ યોજના માટે રૂપિયા ૫,૦૦૦ કરોડની ફાળવણીને મંજૂરી આપી હતી.

સડેલા અનાજ, બટાટા, મકાઇ અને બીટમાંથી ઇથેનોલ બનાવીને તેને પેટ્રૉલમાં ભેળવીને ચાલુ વર્ષે ઇંધણની આયાતમાં રૂપિયા ૪,૦૦૦ કરોડનો ઘટાડો કરવાની રાષ્ટ્રીય નીતિને પ્રધાનમંડળે બહાલી આપી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રના પ્રધાનમંડળની બેઠકમાં અખાદ્ય તેલીબિયાંમાંથી બાયૉ-ડીઝલ અને કાકવી (મૉલાસીસ)માંથી બાયૉ-ઇથેનોલને ફર્સ્ટ જનરેશન (વન-જી)નું બાયો-ફ્યુઅલ તેમ જ નગરપાલિકાના ઘન કચરામાંથી સેકન્ડ જનરેશન (ટૂ-જી)નું ઇંધણ બનાવાશે.

આ ઉપરાંત, બાયો-સીએનજી જેવા ઇંધણને થર્ડ જનરેશન

(જુઓ પાનું ૬) ▸▸

